
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૪૫ | ૧૭ નવેમ્બર, ૨૦૨૧, બુધવાર; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હરણફાળ : ચીન દુનિયાનો સૌથી ધનિક દેશ

**બે દાયકામાં વિશ્વની સંપત્તીમાં ત્રણ ગણો વધારો થયો : ૨૦૦૦ની સાલમાં ચીનની સંપત્તિ સાત ખરબ ડોલર હતી અને જે હવે વધીને ૧૨૦ અરબ ડોલર થઈ ગઈ**



બીજિંગ, તા.૧૬

દુનિયામાં ૬૦ ટકા આવક માટે જવાબદાર ૧૦ દેશો પર નજર રાખતી મેનેજમેન્ટ ફર્મ મેકિન્સે એન્ડ કંપનીના રિપોર્ટમાં કહેવાયુ છે કે, ૨૦૨૦માં દુનિયાની કુલ સંપત્તિ ૫૧૪ ખરબ ડોલર થઈ છે. અમેરિકાની સંપત્તિમાં પણ વધારો થયો છે. જોકે અમેરિકામાં પ્રોપર્ટીના ભાવોમાં એટલો વધારો નહીં થયો હોવાથી ચીનની સરખામણીમાં અમેરિકાની સંપત્તિ ઓછી થઈ છે. અત્યાર સુધી દુનિયાના સૌથી ધનિક દેશનો તાજ અમેરિકા પાસે હતો પણ હવે ચીને આ તાજ અમેરિકા પાસેથી છીનવી લીધો છે. સંપત્તિના મામલામાં ચીન હવે દુનિયાનો નંબર વન દેશ બની ગયો છે. બે દાયકામાં વિશ્વની સંપત્તિમાં ત્રણ ગણો વધારો થયો છે અને તેમાં ચીન સૌથી આગળ છે.

આ અંગે જાહેર થયેલા એક અહેવાલ પ્રમાણે દુનિયાની ત્રીજા ભાગની સંપત્તિ ચીન પાસે છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનમાં સામેલ થતા પહેલા ૨૦૦૦ની સાલમાં ચીનની સંપત્તિ સાત ખરબ ડોલર હતી.જે હવે વધીને ૧૨૦ અરબ ડોલર થઈ ગઈ છે.ચીનની ઈકોનોમીમાં સતત તેજી આવી રહી છે અને તેના પગલે હવે ૨૦ વર્ષમાં દુનિયાએ જે સંપત્તિ ઉભી કરી છે તેમાંથી ત્રીજા ભાગનો હિસ્સો ચીનનો એકલાનો છે.

## કરતારપુર સાહિબ કોરિડોર આજથી ખોલવા જાહેરાત

**શિખ યાત્રીઓને લાભ કરનારો કેન્દ્રનો નિર્ણય : કોરિડોર કોરોનાના કારણે માર્ચ ૨૦૨૦થી બંધ કરાયો હતો**



નવીદિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે ૧૭ નવેમ્બરથી કરતારપુર સાહેબ કોરિડોર ફરી ખોલવાની જાહેરાત કરી છે. ગૃહ મંત્રી અમિત શાહે આ બાબતની જાણકારી આપીને કહ્યુ હતુ કે, એક મોટો નિર્ણય લેવાયો છે અને તેના કારણે શિખ યાત્રીઓને લાભ થશે.પીએમ મોદીની સરકારે આવતીકાલથી ૧૭ નવેમ્બરથી કરતારપુર કોરિડોર ફરી ખોલવાનો નિર્ણય લીધો છે અને આ નિર્ણય શ્રી ગુરુ નાનક દેવજી અને સિખ સમુદાય પ્રત્યે મોદી સરકારની અપાર શ્રધ્ધાને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, કરતારપુર સાહેબ કોરિડોર કોરોનાના કારણે માર્ચ ૨૦૨૦થી બંધ કરાયો હતો.આ પહેલા પંજાબ ભાજપના નેતાઓએ પણ પીએમ મોદીને બે દિવસ પહેલા મળીને કરતારપુર સાહેબ કોરિડોર ખોલવા મંજૂરી આપવા માટે અપીલ કરી હતી. દરમિયાન પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ નવજોત સિધ્ધુએ પણ આ નિર્ણયનુ સ્વાગત કરતા કહ્યુ હતુ કે, આવકારદાયક પગલુ છે અને મહાન ગુરુના આશીર્વાદ બધા પર સતત વરસતા રહે.


## શ્રીનગરમાં અથડામણમાં બે આતંકી ઠાર

**આતંકીઓને મદદ કરનારા ડોકટર મુદાસિર અને આતંકીઓ જે ઘરમાં રહેતા હતા તે ઘરના માલિકનું પણ મોત થયું**

શ્રીનગર, તા.૧૬

સુરક્ષાદળોએ શ્રીનગરમાં થયેલી અથડામણમાં બે આતંકીઓને ઢાળી દીધા છે.જેમાં હૈદર નામના વિદેશી આતંકીનો પણ સમાવેશ થાય છે. જમ્મુ કાશ્મીર પોલીસના આઈજીપી વિજય કુમારના કહેવા પ્રમાણે સોમવારે સાંજે શ્રીનગરમાં થયેલા એન્કાઉન્ટરમાં હૈદર નામના વિદેશી આતંકવાદી તથા તેના એક સહયોગીને ઢાળી દેવાયા છે.જ્યારે તેને મદદ કરનાર એક ડોકટર મુદાસિર અને આતંકીઓ જે ઘરમાં રહેતા હતા તે ઘરના માલિક અલ્તાફ અહેમદનુ પણ મોત થયુ છે. તેમના કહેવા પ્રમાણે શ્રીનગરના હૈદરપુરા વિસ્તારમાં આતંકીઓ હાજર હોવાની બાતમી મળ્યા બાદ આ વિસ્તારની ઘેરબંધી કરી ત્યારે આતંકીઓએ ફાયરિંગ કર્યુ હતુ અને સુરક્ષાદળોએ વળતો જવાબ આપ્યો હતો. ઘર માલિક અલતાફનુ મોત ક્રોસ ફાયરિંગમાં થયુ છે.જ્યારે આતંકીઓને મદદ કરનાર ડો.મુદાસિર પણ માર્યો ગયો છે.તેણે જ આતંકીઓને રહેવા માટે ઘર અપાવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર



## ઘડિયાળની કિંમત ૧.૫ કરોડ, મેં કસ્ટમને જાણ કરી

**ભારતીય ટીમના ઓલરાઉન્ડરની વિવાદ પર સ્પષ્ટતા : હાર્દિકે તમામ બીજા આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું કે, ઘડિયાળની કિંમત ૫ કરોડ રુપિયા નથી**

મુંબઈ, તા.૧૬

ભારતીય ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ મુંબઈ એરપોર્ટ પર તેની ઘડિયાળો જપ્ત



કરાયા બાદ જાગેલા વિવાદમાં સફાઈ આપી છે. મંગળવારે હાર્દિકે ટ્વિટ કરીને કહ્યુ હતુ કે, જ્યારે હું દુબઈથી પાછો આવી રહ્યો હતો ત્યારે મેં સામે ચાલીને કસ્ટમ અધિકારીઓને મારી ઘડિળાયો આપી હતી.હાર્દિકે તમામ બીજા આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યુ છે કે, ઘડિયાળની કિંમત ૫ કરોડ રુપિયા નથી.સોશિયલ મીડિયા પર ખોટો દાવો કરાઈ રહ્યા છે.તેની કિંમત ૧.૫ કરોડ રુપિયા છે. હાર્દિકે કહ્યુ છે કે, હું ૧૫ નવેમ્બરે દુબઈથી પાછો આવી રહ્યો હતો ત્યારે એરપોર્ટ પર મારો સામાન લઈને હું જાતે એરપોર્ટના કસ્ટમ કાઉન્ટર પર ગયો હતો અને દુબઈથી લાવેલી તમામ વસ્તુઓને ત્યાં રજૂ કરી હતી અને કસ્ટમ ડ્યુટી ભરી હતી.સોશિયલ મીડિયા પર ખોટી રીતે વાત ફેલાવાઈ રહી છે.કસ્ટમ વિભાગે જે પણ કાગળ માંગ્યા છે તે અમે આપી રહ્યા છે.કસ્ટમ વિભાગ ડ્યુટી કેટલી ભરવી તેનો હિસાબ લગાવી રહ્યો છે અને તે હું ભરવા માટે તૈયાર છું. હાર્દિકે આગળ કહ્યુ છે કે, હું કાયદાનુ પાલન કરનાર નાગરિક છું, તમામ સરકારી એજન્સીઓનુ સન્માન કરુ છું અને જે પણ કાગળની જરુર હશે તે હું પૂરી પાડીશ. ઉલ્લેખનીય છે કે, સોમવારે સાંજે એવા અહેવાલ વહેતા થયા હતા કે, હાર્દિક પંડ્યાની પાંચ કરોડ રુપિયાની બે ઘડિયાળો કસ્ટમ વિભાગે જપ્ત કરી છે.૨૦૨૦માં પણ હાર્દિક અને તેના ભાઈ કૃણાલ પાસે આ રીતે એરપોર્ટ પર ઘડિયાળો જપ્ત કરાઈ હતી. વિદેશથી કોઈ નાગરિક જ્યારે ભારત કોઈ વસ્તુ ખરીદીને લાવે ત્યારે તેણે તમામ સામાનની જાણકારી આપવી પડતી હોય છે અને તેના બિલ રજૂ કરવા પડતા હોય છે.જેના આધારે ડ્યુટી નક્કી થાય છે.

## ઉત્તર પ્રદેશમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે વિકાસના નવા દ્વાર ખોલશે : પ્રધાનમંત્રી

**પાછલી સરકારોએ પૂર્વ યુપી પર ધ્યાન નથી આપ્યું : વડાપ્રધાન : આ ૩૪૨ કિમીનો એક્સપ્રેસ વે લખનૌથી થઈને બારાબંકી, આંબેડકરનગર, ફૈજાબાદ, અમેઠી, સુલ્તાનપુર, આજમગઢ, મઉ અને ગાજીપુરથી પસાર થશે**

લખનૌ, તા.૧૬

વડાપ્રધાન મોદીએ આજે યુપીને પૂર્વાંચલ એક્સપ્રેસ વેની ભેટ આપતાં ૩૪૨ કિમી લાંબા આ એક્સપ્રેસવેને ખુલ્લો મૂક્યો હતો. આ એક્સપ્રેસ વેને જાહેર જનતા માટે ખુલ્લો મૂકવા માટે પીએમ મોદી વાયુસેનાના કદાવર પ્લેન હરક્યુલિસમાં આવ્યા હતા અને તેમનું પ્લેન આ જ એક્સપ્રેસ વે પર લેન્ડ થયું હતું. આ સાથે જ ૪૫ મિનિટનો એર શો પણ યોજાયો હતો જેમાં ભારતીય વાયુસેનાએ પોતાનું શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ એક્સપ્રેસ વે લખનૌથી થઈને બારાબંકી, ફૈજાબાદ, આંબેડકરનગર, અમેઠી, સુલ્તાનપુર, આજમગઢ, મઉ અને ગાજીપુરથી પસાર થશે. આ એક્સપ્રેસ વે મારફત દિલ્લીથી યૂપીની પૂર્વ સરહદ સુધી માત્ર ૧૦ કલાકની અંદર પહોંચી શકાય છે. યુપી સરકારના ગૃહ વિભાગના એડિ. મુખ્ય સચિવ અવનીશ અવસ્થીના જણાવ્યા પ્રમાણે જુલાઈ ૨૦૧૮માં શિલાન્યાસ કરવામાં




આવ્યાબાદ પૂર્વાંચલ એક્સપ્રેસ વેનું કામ ૩૬ મહિનામાં પૂરું કરવામાં આવ્યું છે. મહત્વું છે કે આ દરમિયાન કોરોના મહામારી આવવા છતાં એક્સપ્રેસ વે બનાવવાનો સમય અને બજેટમાં વધારો કરવાની જરુર નહોતી પડી. આ એક્સપ્રેસ વે પર ૩.૨ કિમી લાંબી એર સ્ટ્રિપનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જે સ્ટ્રેટજીક રીતે પણ ખૂબ જ મહત્વની છે કેમ કે અહીંથી ચીનની સરહદ માત્ર ૬૦૦ કિમી દૂર છે. આ તકે પોતાના ભાષમાં રાજ્યના સીએમ યોગી આદીત્ય નાથે કહ્યું કે રાજ્યમાં ૯ એરપોર્ટ પૂર્ણ રીતે ફંક્શનલ છે અને ૧૧ નવા એરપોર્ટ્સ બની રહ્યા છે. આ નવા ભારતનું ઉત્તર પ્રદેશ છે. સીએમ યોગીએ પોતાના ભાષણમાં પૂર્વાંચલ સહિત સમગ્ર વિસ્તારની દુર્દશાનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે આ એક્સપ્રેસ વે ફક્ત વાહનવ્યવહારનું સાધન નથી પરંતુ આઝાદી બાદથી જ રાજ્ય ભૌતિક વિકાસના જે માપદંડો પર પાછળ છૂટી ગયું છે તેની રેખા પર પુનઃ સ્થાપિત કરવામાં આવ્યું હોવાનું પ્રતિક છે. જ્યારે પીએમ મોદીએ સ્થાનીક ભાષામાં સુલ્તાનપુરની જનતાનું અભિવાદન કરીને પોતાના વક્તવ્યની શરુઆત કરી હતી. તેમણે પૂર્વાંચલની ભાષામાં કહ્યું કે જે જગ્યા પર હનુમાનજીએ કાલનેમી જેવા રાક્ષસનો વધ કર્યો તે ધરતીના લોકોને મારા પ્રણામ. અહીંના લોકોએ ૧૮૫૭માં અંગ્રેજોને છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધું હતું.

## ફિક્સિંગ માટે સટ્ટેબાજો કેપ્ટન પર વધુ ફોક્સ કરે છે

**એન્ટી કરપ્શન યુનિટના હેડનું વિસ્ફોટક નિવેદન : ફિક્સરો માટે ટી-૨૦ સૌથી પસંદગીનું ફોર્મેટ, જ્યાં તેઓ બે થી ચાર ઓવરની રમતને ટાર્ગેટ કરતા હોય છે**

નવી દિલ્હી, તા.૧૬

ક્રિકેટ અને ફિક્સિંગનો વિવાદ બહુ જુનો છે. છાશવારે મેચ ફિક્સિંગના આરોપો પણ સામે આવતા જ રહેતા હોય છે. ફિકિસંગને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે બનાવાયેલા એન્ટી કરપ્શન યુનિટના હેડ એલેક્સ માર્શલે હવે એવો ઘટસ્ફોટ કર્યો છે કે, ફિક્સિંગ કરવા માંગતા સટ્ટેબાજો ટીમના કેપ્ટન પર ફોકસ કરતા હોય છે.તેઓ કેપ્ટનની નજીકના લોકો સાથે સબંધ કેળવતા હોય છે.

તેમણે કહ્યુ હતુ કે, સટોડિયાઓને કેપ્ટન ઉપરાંત ઓપનિંગ બેટસમેન અને ઓપનિંગ બોલર્સ વધારે પસંદ આવતા હોય છે.ફિકસરો માટે ટી-૨૦ સૌથી પસંદગીનુ ફોર્મેટ છે. જ્યાં તેઓ બે થી ચાર ઓવરની રમતને ટાર્ગેટ કરતા હોય છે.મેચનુ રિઝલ્ટ, નો બોલ કે ટોસ પર નહીં પણ મેચની વચ્ચે કેટલીક બાબતોને બદલવાનો પ્રયાસ સટોડિયાઓ કરતા હોય છે. માર્શલે કહ્યુ હતુ કે, ફિક્સિંગ કરનારાઓએ પોતાનો એપ્રોચ હવે બદલ્યો છે.કારણકે પ્લેયર્સ હવે અમારી પાસે આ તમામ પ્રકારની વાતો શેર કરવા માંડયા છે.તેઓ કોઈ જૂના પ્લેયર કે ટીમ મેનેજર થકી કેપ્ટન પાસે જવા પ્રયત્ન કરે છે. ખાસ કરીને ફ્રેન્ચાઈઝીઓની ટીમોની ટુર્નામેન્ટમાં ફિકસરો દ્વારા આ પ્રકારના પ્રયત્નો થતા હોય છે.

## ઓસી.ના ૭ શહેરમાં ટી૨૦ વર્લ્ડ કપની ૪૫ મેચો યોજાશે

**વર્લ્ડકપની શરુઆત ૧૬ ઓક્ટોબરથી થશે અને ૧૩ નવેમ્બરે ફાઈનલ, ૯-૧૦ નવેમ્બરે સેમિફાઈનલ**

નવી દિલ્હી, તા.૧૬

૨૦૨૨માં રમાનારા ટી-૨૦ વર્લ્ડકપનુ ટાઈમ ટેબલ પણ લગભગ નક્કી થઈ ચુકયુ છે. ઓસ્ટ્રેલિયામાં સાત શહેરો એડિલેડ, બ્રિસબેન, ગીલોન્ગ, મેલબોર્ન, પર્થ, સિડની અને હોબાર્ટમાં ૪૫ મેચો રમાશે.વર્લ્ડકપની શરુઆત ૧૬ ઓક્ટોબરથી થશે અને ૧૩ નવેમ્બરે મેલબોર્નમાં ફાઈનલ રમાશે.પહેલી સેમી ફાઈનલ સિડનીમાં ૯ નવેમ્બરે અને બીજી સેમિફાઈનલ એડિલેડમાં ૧૦ નવેમ્બરે રમાશે. આ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકાની ટીમ રમશે.આ સિવાય નામીબિયા, સ્કોટલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકાએ બીજા ચાર ટીમો સામે ક્વોલિફાયર રાઉન્ડમાં રમવુ પડશે અને એ પછી તેમને સુપર ૧૨માં સ્થાન મળશે. પહેલા આ ટુર્નામેન્ટ ૨૦૨૦માં રમાવાની હતી પણ કોરાના કારણે તેને સ્થગિત કરાઈ હતી.આગામી વર્લ્ડકપમાં હાલના ટી-૨૦ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને અત્યારથી જ ફેવરિટ માનમાં આવી રહ્યુ છે.

## ક્રિપ્ટોકરન્સીના નિર્ણય મુદ્દે સરકારમાં દુવિધા ઉભી થઈ

નવી દિલ્હી, તા.૧૬

રોકાણના એક વિકલ્પ તરીકે માન્યતા મળવાની સાથે તેના ઉપર ટેક્સ પણ આકરવામાં આવશે. આ મુજબ, વ્યવહારની સેવાઓ ઉપર જીએસટી અને રોકાણના નફા ઉપર ઈક્મ ટેક્સ ગણવામાં આવે એ પ્રકારે કાયદાકીય ખરડામાં જોગવાઈ કરવામાં આવી રહી છે. કેટલા ટકા જીએસટી કે ઈક્મ ટેક્સ લાદવામાં આવશે તે અંગે હજી ચર્ચા ચાલુ છે. ભારતમાં લગબગ રૂપિયા છ લાખ કરોડનું રોકાણ વિવિધ ડીજીટલ ચલણમાં થયું હોય શકે છે. આ અંદાજ અનુસાર દેશમાં ડીજીટલ ચલણમાં ખરીદ કે વેચાણ કરતા હોય તેવા ૧૦ કરોડ એકાઉન્ટ છે ભારત સરકાર બહુ જ ઝડપથી દેશમાં ક્રિપ્ટોકરન્સીને કાયદેસર બનવવાની દિશામાં આગળ વધી રહી હોય તે રીતે પાટનગર નવી દિલ્હીમાં ગતિવિધિઓ જોવા મળી રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિરોધ વચ્ચે પણ હવે ભારતમાં ડીજીટલ ચલણ કે ક્રિપ્ટોકરન્સીનો સ્વીકાર કરવો પડે, તેને અટકાવી શકાય નહી એવો બહુમત વ્યૂહ બની રહ્યો છે. આગામી દિવસોમાં સંસદના શિયાળુ સત્રમાં ક્રિપ્ટોકરન્સીના નિયમન કે નિયંત્રણ અંગે ખરડો રજૂ કરવા માટે સરકાર તૈયારી કરી રહી છે જેના ભાગરૂપે સંસદની ફાઈનાન્સ વિભાગની સ્ટેન્ડિંગ કમિટીની આજે વિવિધ પક્ષકારો સાથે બેઠક થઈ હતી જેમાં એવો મત મળ્યો હતો કે તેના ઉપર પ્રતિબંધ મુકવો હવે શક્ય નથી, નિયંત્રણ લાવવા અંગે જ વિચારણા થવી જોઈએ. મોદી સરકારના પૂર્વ રાજયકક્ષાના નાણામંત્રી જયંત સિંહાના

● અનુસંધાન પાન-૭ પર